# દાનલીલા-વામનલીલાના આધારે પુષ્ટિ-મર્યાદા-રીતિભેદનો વિચાર

- અસિત શાહ.

## પ્રાસ્તાવિક

આજે આપણા સંપ્રદાયમાં અનેક ગુરુઓએ જીવભેદનો જાણે કે લોપ જ કરી દીધો છે. જે આવે તેને બ્રહ્મસંબંધ આપતા જવું ને દર્શન-પ્રસાદ-ભેટના ચક્કરમાં ફસાવી દેવા, ચાહે પછી તે પુષ્ટિજીવ હોય કે મર્યાદા કે પ્રવાહી. દર્શન કરવા કે કથા સાંભળવા આવ્યો એટલે દૈવી જ હશે એમ ધારી લઈ કંઠી બંધાવી ચેલો બનાવી મૂંડી જ લેવો ! બીજા ગો.બાળકની સૃષ્ટિમાં ઘુસીને આડેધડ આજ્ઞાઓ અને દીક્ષા પણ આપી તેમની ઈજારાશાહી તોડવાના ય સતત પ્રયાસો કરાતા હોય છે. અનુયાયીઓ પણ આને કારણે ભટકતા થઈ ગયા છે આ ગો.બાળકથી તે ગો.બાળક પાસે. તે પૈકી માફક આવે તેમનાથી આજ્ઞા લઈ મનફાવે તેમ આચરણ કરવા લાગતા હોય છે. સરવાળે બધું એકાકાર અંધાધૂંધ અરાજકતાભર્યું કામકાજ ચાલતું હોય છે, ખાસ કરીને દેશ-વિદેશના શહેરોમાં. તે ગુરુ-ચેલા બંનેને માફક આવતું ય લાગે છે.

પણ ચેતવણી મળતાં જ કોઈ બહારનો પવન ફૂંકાતા ડામાડોળ થતી નૌકાના પ્રવાસીઓની માફક તંદ્રા ત્યાગી, બધા ગુરુ-ચેલા એકી અવાજે ગુરુ બનવાની યોગ્યતા ન ધરાવવા છતાં બ્રહ્મસંબંધ આપવા માંડનારા વંચક કિરીટ ફટાણિયાઓનો વિરોધ કરવા લાગી જાય છે ! ત્યારે સિધ્ધાંત કે પરંપરા કે પ્રોટૉકૉલ જે હાથમાં આવે તેને નામે ભેદરેખાઓ ફટાફટ ખેંચવામાં આવે છે ! આવા ક્ષણભંગુર અભેદ ! અસદ્સંકલ્પોથી પ્રેરિત કૃત્રિમ અભેદોની કથા તો આવી જ રહેવાની.

પણ હકીકત કાંઈક બીજી છે. ચાલુ ખાતામાં આડેધડ દીક્ષા આપીને રચાતી તકલાદી અનુયાયીસૃષ્ટિથી વધારે મજબૂત પાયા પર ઊભેલી સુકૃત ઈમારત પ્રભુરચિત જીવસૃષ્ટિની છે. સત્યસંકલ્પ પ્રભુએ જીવસૃષ્ટિરચના કરી છે તે આવી અવ્યવસ્થિત નથી. સૃષ્ટિમાં ભેદ જ પ્રકટ થયેલ છે તેથી જીવ-દેહ-ક્રિયા-પ્રવાહ-ફલમાં પાર્થક્ય જળવાઈ રહે છે એમ શ્રીઆચાર્યચરણ ગ્રંથ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદમાં નિરૂપણ કરે છે. તે ભેદનો લોપ કરવો કોઈ ગુરુ કે ચેલા માટે શક્ય નથી અને હિતાવહ પણ નથી.

તેને સમજી તેની મજા જોકે અવશ્ય લઈ શકાય છે. તે માટે કોઈ મોટા વ્યાકરણી બનવાની જરૂર નથી; આપણી સેવાપ્રણાલીની મુખપર્યંત ઘીથી ભરેલી બરણીને ખોલી આસ્વાદ લેવા માત્રની જરૂર છે. ચાલો એક પ્રયાસ કરીએ.

## ઉપક્રમ

આગળપાછળ જ આવતા દાનએકાદશી અને વામનદ્વાદશીના ઉત્સવોનું અનેરું મહત્ત્વ છે. દાનલીલામાં પુષ્ટિજીવોને ફલદાન વર્ણવેલ હોઈ આપણા સંપ્રદાયમાં તેનું એટલું મહત્ત્વ છે કે દાનના દિવસોમાં પ્રગટેલ વલ્લભકુલદીપકોનું નામકરણ શ્રીગોપીનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીદાનીરાયજી આદિ કરવામાં આવેલ. ''અહો બિધના તોપે અંચરા પસાર માંગોં.'' તો વામનલીલામાં મર્યાદાજીવોનું ફલ વર્ણવેલ છે : ''યજ્ઞ કરત હૈં જાકે કારણ સો પ્રભુ આપુહિ જાંચ્યો.''

દાનલીલા પ્રાયઃ કીર્તનોમાં જ વર્ણિત છે; શ્રીમદ્ભાગવતમાં તેનો ''નૃપચેષ્ટા'' તરીકે ઉલ્લેખ જ છે કેવળ. વામનલીલા વામનપુરાણાદિમાં તેમ જ કીર્તનોમાં પણ વર્ણિત છે. અહીં પ્રમાણોપન્યાસ અપેક્ષિત ન હોઈ કેવળ કીર્તનોને આધારે જ વિચાર કરેલ છે.

ગ્રંથ પુષ્ટિપ્રવાહમર્યાદામાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે : ''ઈચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ, વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ.'' અર્થાત્ પ્રવાહમાર્ગનું નિયંત્રણ પ્રભુ પોતાના મનથી, વેદમર્યાદામાર્ગનું વાણીથી અને પુષ્ટિમાર્ગનું કાયાથી કરે છે. આ શાસ્ત્રાર્થને સ્થાપિત કરતી લીલાઓ પૈકીની બે છે આ દાનલીલા અને વામનલીલા. જોકે વામનલીલામાં પ્રભુની વામન તેમ જ વિરાટ દેહાકૃતિ તથા દાનલીલામાં પ્રભુના રસવચનોની ભરમાર છે છતાં ય એકંદરે દાનલીલામાં સ્વરૂપથકી અને વામનલીલામાં વચનથકી આત્મનિવેદી ભક્તોના નિરોધનું પ્રાધાન્ય છે. હવે વિસ્તારથી જોઈએ.

## વિસ્તૃતવિચાર

વામનલીલાથકી નિરુદ્ધ થનાર બલિરાજા અસુરયોનિમાં પ્રકટેલ યજ્ઞપરાયણ મર્યાદાજીવ છે, જ્યારે કે દાનલીલાથકી નિરુદ્ધ શ્રીગોપીજનો ગોરક્ષવૃત્તિપરાયણ શુધ્ધપુષ્ટિકક્ષાના પુષ્ટિજીવો છે. તો સામે સમાનશીલવ્યસન વામનાવતાર દ્વિજવપુધારી છે જ્યારે કે અવતારી શ્રીકૃષ્ણ ગોપાલવપુધારી છે, કેમકે ''યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્.''

સુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે : ''પુરુષશરીરબલં ક્ષત્રિયાણાં, બ્રાહ્મણાનાં તુ વાગ્બલમેવ મુખ્યમ્.'' દાનલીલાસ્થલી છે શ્રીવ્રજરાજની વ્રજભૂમિ, જ્યારે કે વામનલીલાસ્થલી છે બલિરાજાની યજ્ઞભૂમિ ''રાજા એક પંડિત પૌરી તિહારી, ચાર્યોં વેદ પઢત મુખપાઠી હૈ વામનવપુધારી,... સુન ધુનિ બલિરાજા ઉઠિ ધાયે આહુતિ યજ્ઞ વિસારી.''

વામનજી બલિરાજા પાસે ધર્માચરણાર્થે નિવાસ કરવા પર્ણકુટી રચવા ત્રણ ડગલા ભૂમિ માંગે છે. ''ચલિયે વિપ્ર જહાં યજ્ઞવેદી બહુત કરી મનુહારી, જો માંગો સો દેહુ તુરત હી હીરા રતન ભંડારી, રહો રહો રાજા અધિક નહીં કહિયે દોષ લગત હૈ ભારી, તીન પેંડ વસુધા મોહિ દીજે જહાં રચોં ધર્મસારી.'' રાજા તે આપવા સંકલ્પ કરે છે કે તુરત જ રાજાને વચનથી બંધાયેલ જાણી વામનમાંથી વિરાટ બની પ્રભુ બે ડગલામાં તો બે લોક આવરી લે છે. વચનપૂર્ત્યર્થ રાજા આત્મનિવેદન કરતાં ત્રીજું ડગલું પોતાની પીઠ પર ભરવાનું કહે છે. તે પ્રમાણે કરી તેને પ્રભુ પાતાળનો રાજા બનાવી સ્વયં તેના દ્વારપાળ બની રહેવાનું વચન આપે છે. આ રીતે દેવોની રક્ષા સંપન્ન કરતા સાથે સાથે મર્યાદાભક્તને સાલોક્યમુક્તિ જેવું પણ તેથી ય અધિક ફળ વામનજી આપે છે. ''લે ઉદક સંકલ્પ જો કીનો વામન દેહ પસારી, જયજયકાર ભયો ભૂ માપત દ્વય જુ પેંડ ભઈ સારી, એક પેંડ તુમ દેહુ તુરત હી કે વચનન સત હારી, સત નહીં છાંડોં સતગુરુ મેરે નાપો પીઠ હમારી, સૂરદાસ પ્રભુ સર્વસુ દીનો પાયો રાજ પતારી.'' ''પરમાનંદ પ્રભુ પ્રસન્ન ભયે હરિ જો જનકો જાનત હૈ સાંચ્યો.''

શ્રીગોપીજનો પરંતુ વચનથી રોક્યા તો રોકાતા જ નથી; ચાહે તે શાસ્ત્રોના હોય કે સ્વયં પ્રભુના. તેથી સ્વયં પ્રભુને જ દોડી આવી તેમને રોકવાનો ઉદ્યમ કરવો રહ્યો. ''ગોવર્ધનકી શિખરતેં મોહન દીની ટેર, અંતરંગસોં કહત હૈ સબ ગ્વાલિન રાખો ઘેર, ગ્વાલિન રોકી ના રહે ગ્વાલ રહે પચિહારિ, અહો ગિરિધારી દૌરિયો સો કહ્યો ન માનત ગ્વારિ, ચલી જાત ગોરસ મદમાતી માનો સુનત નહીં કાન, દૌરિ આયે મનભામતે સો રોકી અંચલ તાન, એક ભુજા કંકન ગહે એક ભુજા ગહિ ચીર, દાન લેન ઠાડે ભયે ગહવર કુંજકુટીર.'' પ્રભુ વાણીથી સ્વોપભોગાર્થ ગોરસ માંગે છે તો શ્રીગોપીજનો મચક નથી આપતા. ''જૈસે હમ કછુ કહત હૈં ઐસી તુમ કહિ લેહુ, મનમાને સો કીજિયે પર દાન હમારો દેહુ. કહા ભરે હમ જાત હૈં દાન જો માંગત લાલ, ભઈ અવાર ઘર જાન દે સો છાંડો અટપટી ચાલ.'' થોડા વાદવિવાદ પછી શ્રીગોપીજનો કાલે ગોરસ લાવી ચખાડવાનું વચન આપે છે, પણ પ્રભુ ટસના મસ નથી થતા. ''કાલ્હિ બહોરિ હમ આઈહૈં ગોરસ લે સબ ગ્વારિ, નીકી ભાંતિ ચખાઈહોં મેરે જીવન હોં બલિહારી. સુનિ રાધે નવનાગરી હમ ન કરે વિશ્વાસ, કરકો અમૃત છાંડિકે કો કરે કાલ્હિકી આસ, તેરો ગોરસ ચાખિવે મેરો મન લલચાય, પૂરન સસિ કર પાયકે ચકોર ન ધીર ધરાય.'' અંતે જબરદસ્તી આત્મનિવેદન કરાવી ગોપાલોને ય દહીં વહેંચી પ્રભુ સ્વાનન્દદાનાર્થે તત્પર થાય છે. ''મોહન કંચન કલસિકા લીની સીસ ઉતાર, શ્રમકન વદન નિહારિકે સો ગ્વાલિન અતિ સુકુમાર... અંસ ભુજા ધરિ લે ચલે પ્યારી ચરન નિહોર.'' આ રીતે ગોપાલરૂપ દેવોની રક્ષા સંપન્ન કરતા સાથે સાથે પુષ્ટિભક્તને મુક્ત્યધિક ફળ પ્રભુ આપે છે.

અનવતારકાલીન વ્યવસ્થા

આ જોકે કેવળ અવતારકાલીન લીલા નથી; પ્રાકટ્યમાત્રકાલીન લીલા છે. શુધ્ધાદ્વૈતાનુસાર નિત્ય પરિચ્છિન્ન તત્ત્વ માટે અવતરણ કે સમાગમની પ્રક્રિયા ઉચિત છે પણ નિત્યાપરિચ્છિન્ન તત્ત્વ માટે તો પ્રાકટ્યની પ્રક્રિયા ઉચિત છે. તેથી સર્વજનગોચર અવતારો ભલે ૧૦ કે ૨૪ જ હોય પણ તે ઉપરાંત પણ પ્રભુનું તે તે આસ્તિકો માટે તેવું તેવું પ્રાકટ્ય થાય છે જ. શ્રીઆચાર્યચરણ શ્રીભાગવતાર્થનિબન્ધમાં આજ્ઞા કરે છે ''આશ્રયો ભગવાન્ કાલં તાવન્તં ચેત્ પ્રતીક્ષતે, કલ્કિર્ભવિષ્યતિ તદા સર્વસાધારણો મતઃ, ઉપલક્ષણમેતદ્ હિ નામપૂજાદિના હરિઃ, યદા તુષ્ટઃ પ્રસન્નઃ સ્યાદ્ આત્માનં ચ પ્રદર્શયેત્, તદાશ્રયઃ પૂર્ણરૂપો ભવિષ્યતિ ન સંશયઃ.'' ટૂંકમાં હરિ તો સદા સર્વદા પ્રકટ થઈ આપણા એકમાત્ર આશ્રય બની રહેવા સક્ષમ છે જ. સર્વનિર્ણયનિબન્ધમાં ''તદ્રૂપં તત્ર ચ સ્થિતં, સાકારવ્યાપકત્વાત્ ચ મન્ત્રસ્યાપિ વિધાનતઃ'' અને તેના પ્રકાશમાં ''વિશેષસ્તુ અયમ્ એનમ્ ઉધ્ધરિષ્યામીતિ તદા મૃદાદેઃ પ્રાદુર્ભૂતઃ'' આવી પ્રમાણાનુકૂલ યુક્તિઓ આપી તેથી જ શ્રીઆચાર્યચરણ, યોગ્ય ગુરુના અભાવમાં પક્ષતઃ અપ્રાપ્ત ભગવદ્ભજનને નિયમવિધિ બનાવી પ્રાપ્ત કરાવવા, ગુરુના અભાવમાં પણ ભગવદ્ભજન શરૂ કરી દેવાની અનુજ્ઞા આપે છે. તેથી પુષ્ટિજીવ આત્મનિવેદન કરી સ્વસર્વસ્વવિનિયોગાર્થ સ્વરૂપસેવાપરાયણ થાય તો તેને ય અવશ્ય પ્રભુ સ્વરૂપથકી નિરુદ્ધ કરે જ. એક એવી ય દાનલીલા છે : ''પ્રેમમગન ગ્વાલિન ભઈ હરિકે દરસન પાય, મુખતેં વચન ન આવહી સો લગિ ઠગોરી જાય, લે મટુકી આગે ધરી પરી સ્યામકે પાંય, મનભાવે સો લીજિયે બચે સો બેચન જાય, સુખ બાઢ્યો આનંદ ભયો રહી સ્યામગુણ ગાય, સુંદર સોભા દેખિકે સૂરદાસ બલિ જાય.''

આમાં સમજવાનું એટલું છે કે આ પુષ્ટિરીતિમાં અનવતારકાલમાં આધુનિક પુષ્ટિજીવોનું વરણ પ્રભુ આચાર્યપ્રણાલીથી કરવા ચાહે છે. તેથી ''સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા'' ન્યાયે ભગવચ્છાસ્ત્રજ્ઞ ગુરુના વચનને અનુસરવું અપેક્ષિત છે સાધકકક્ષામાં. સિધ્ધકક્ષામાં ક્યારેક તેથી વિપરીત આચરણ થઈ જવું ક્ષમ્ય છે. સાધક તેવું ગુરુવચનનું અનુસરણ કરે તો મર્યાદાજીવ નથી થઈ જવાતું અને સદંતર ઉલ્લંઘન કરતાં રહેવાથી પુષ્ટિજીવ/પુષ્ટિપુરુષોત્તમ નથી થઈ જવાતું. તેથી વાપરવાથી વધે તેવા ભગવાને વિના પ્રયાસે આપેલ વિવેકબુધ્ધિધનનો સદુપયોગમાત્ર કરવો અપેક્ષિત છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે ''યશ્ચ કૃષ્ણે રતિર્નિત્યં બોધયત્યપ્રયોજનામ્ । નિરપેક્ષઃ સાત્ત્વિકશ્ચ તત્સંગો સાધુસંગમઃ ।।'' જો તે સિવાયનાનો સંગ કરવાની ય મનાઈ કરતા હોય તો આજ્ઞા અનુસરવાનો તો પ્રશ્ન જ ક્યાં રહી જાય છે ?

નિષ્કર્ષ

આમ મૂળ વાત છે જીવ પોતાનું સ્વરૂપ જાણી તે પ્રકારનું ભજન કરવા પર કાયમ રહે તે. ફાંકા રાખે પુષ્ટિજીવ હોવાના ને પ્રભુથી આશા રાખે આલોકપરલોકસંબંધી દુન્યવી જઘન્ય ફળોની ! બે મિનિટ જાહેર મંદિરમાં દર્શન કરી બે રૂપિયા ભેટ ધરી સાટામાં મળતો પ્રસાદ ખાઈ કામધંધે ચાલતી પકડનારા થઈને પ્રભુથી પોતાની પાછળ ફરવાની આશા રાખે ! શ્રીઆચાર્યચરણોપદિષ્ટ પુષ્ટિસિધ્ધાન્તોના સગાં ન થનાર ને તો ય તેમના થકી જ ગુરુદ્વાર બનેલાઓની વિપરીત આજ્ઞાનું ''ઉલ્લંઘન તો કેમ કરાય'' કહી અપસિધ્ધાંતાચરણ કરવામાં અગ્રગણ્ય થઈ ગૌરવ અનુભવે ! આ તો બધી આધુનિક બહિર્મુખોના છિનાળાની વાતો છે. તેઓ ન તો યજ્ઞભૂમિમાં ઊભા રહેવાને લાયક છે ન વ્રજભૂમિમાં. તેઓ તો કેવળ અંધાનુગાન્ધ રવાડે ચઢેલા પશુ જેવા કે કાદવિયા તળાવ તરફ ધસમસતા બળદોનું પૂંછડું પકડી પાછળ ઘસડાનારા જેવા નિરુદ્ધ છે.

પુષ્ટિજીવની ખુમારીથી શ્રીકૃષ્ણભજન કરતાં આપણે જીવીએ તો શ્રીઆચાર્યચરણ પણ પોતાનું શ્રમસાફલ્ય અનુભવી પુલકિત થઈ ''યહ મારગ તેરે લિયે પ્રકટ કિયો હૈ'' આજ્ઞા કરે.

। બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।